Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# <u>સાંસ્કૃતિક ધરોહર: રાણીની વાવ</u>

ડૉ. પ્રીતિબેન એસ. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર (ઇતિહાસ વિભાગ)
શ્રી સર્વોદય આર્ટસ એન્ડકોમર્સકોલેજ,કાંટ(ડીસા)
Pritimahipatel231@gmail.com

**સારાંશ:**
ભારતની વિવિધ સંસ્કૃતિઓની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. દરેક રાજ્ય, શહેર અને ગામને પોતાનો એક અનોખો ઇતિહાસ હોય છે. કોઈપણ રાજ્યની સંસ્કૃતિને સમજવા માટે શહેરો, નગરો અને ગામનો ઇતિહાસ સમજવો જરૂરી છે.ઘણા નગરો, શહેરો એવા ઐતિહાસિક સાંસ્કૃતિક કેન્દ્રો છે જે સંપૂર્ણ વિશ્વના લોકોનું ધ્યાન કેન્દ્રિત કરે છે. સાંસ્કૃતિક વારસો એ ઐતિહાસિક પ્રક્રિયા છે. આપણા પૂર્વજો તેમના પુરોગામીઓ પાસેથી ઘણું બધું શીખ્યા છે. માનવો એ જે સંસ્કૃતિને વંશપરાગત જાળવી છે, તેને માનવ વારસો કહી શકાય. એક રાષ્ટ્ર પણ આ રીતે જે સંસ્કૃતિને વારસામાં આપે છે તેને રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો કહી શકાય. આવો જ એક સાંસ્કૃતિક વારસો એટલે પાટણનું મહા મોંઘુ ઘરેણું સાંસ્કૃતિક ધરોહર પાટણની રાણીની વાવ. જે વર્ષો પછી ધરતીના પેટાળમાં દબાઈ રહ્યા બાદ વર્ષ 1980 માં ભારતીય પુરાતત્વ ખાતા દ્વારા તેનું ઉત્તખંન કરતા વૈશ્વિક વારસા સ્વરૂપે ઉજાગર થઈ છે. તે શિલ્પ સ્થાપત્ય કલાનો ઉત્તમ નમૂનો છે. આ વાવની સુંદર દિવાલો અને સ્તંભો પર વિષ્ણુના દશાવતારનું કલાત્મક શિલ્પકામ થયેલ છે. વર્ષ 2014માં યુનેસ્કો એ વરસાદી પાણીના સિંચન અને સીડીદાર વાવના બાંધકામને પોતાની સૂચિમાં સ્થાન આપ્યું છે . વર્ષ 2018મા ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂપિયા 100ની નોટ પર આ વાવની પ્રતિકૃતિને સ્થાન મળેલ છે. આ સંશોધન પત્રનો મુખ્ય ઉદ્દેશ વર્તમાનમાં ભારતીય સંસ્કૃતિના આ સાંસ્કૃતિક વારસાને નવજીવન આપવાની તથા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત છે, કે જેથી આવનાર પેઢીઓ ભારતના આ ભવ્ય ભૂતકાળ સાંસ્કૃતિક વારસાની ધરોહરન ને સમજી શકે અને તેને જાણવાનો પ્રયાસ કરી શકે.

**પ્રસ્તાવના:**

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

અણહિલવાડ પાટણએ ગુજરાતનું સાડાં પાંચસો વર્ષ સુધી રાજધાનીનું નગર રહ્યું છે. તે સમયે પાટણ એક સુંદર, સમૃદ્ધ અને સંસ્કારી નગર હતું. ગુજરાતની પ્રસિદ્ધ પ્રાચીન રાજધાની અણહિલવાડ પાટણની સ્થાપના અનુશ્રુતિ અનુસાર ઇ.સ. ૮૦૨માં વનરાજ ચાવડાએ કરી હતી. તે સમયે પાટણ ચાવડા, સોલંકી અને વાઘેલાઓનું રાજકીય અને સાંસ્કૃતિક મથક રહ્યું હતું.

પાટણએ ગુજરાતની રાજધાની રહ્યું હોવાના કારણે ત્યાં અનેક પ્રવૃત્તિઓનો વિકાસ થયેલો જણાયે છે. સોલંકીયુગએ ગુજરાતની કલાઓના વિકાસનો "સુવર્ણયુગ" ગણાયો હતો. સમૃદ્ધિની રેલમછેલથી છલકાતા ગુજરાતમાં તે વખતે કલા અને કલાકારનું આગવું સ્થાન હતું. એ સમયના અભૂતપૂર્વ કલાકોતરણીનાં સ્થાપત્યો આજે પણ સુવર્ણયુગની કલાભાવનાની સાક્ષી બનીને સૌ કોઇને આકર્ષે છે. આવું જ એક અદ્ભૂત કલા-કૌશલ અને કલા કોતરણીનું સ્થાન "રાણીવાવ" છે.

**<u>રાણીની વાવ :</u>**

આ વાવ પાટણ શહેરથી ઉત્તર-પશ્ચિમે બે કિ.મી. દૂર સરસ્વતી નદીને કિનારે આવેલી છે. તેની બાજુમાં પુરાણો કિલ્લો અને સહઃસ્ત્રલિંગ સરોવર આવેલું છે. ગુજરાતમાં પથ્થરની જે સુંદર અને અલંકૃત વાવો જળવાઇ રહી છે. તેમાં સૌથી પ્રાચીનવાવ "રાણીની વાવ" છે. પ્રબંધ ચિંતામણીમાં જણાવ્યા મુજબ આ વાવ ચૌલુક્ય રાજા ભીમદેવ ૧ લા (ઇ.સ. ૧૦૨૨ થી ૧૦૬૪)ની પત્ની રાણી ઉદયમતીએ બંધાવી હતી. આ રાણી ઉદયમતિ સંસ્કાશીલ, લાગણીશીલ અને કલાપ્રેમી તથા ધાર્મિકવૃત્તિની હતી. જેનો ખ્યાલ આ વાવનું સ્થાપત્ય અને શિલ્પ સમૃદ્ધિ જોતાં આવે છે. આ વાવનું બાંધકામ પૂર્વ-પશ્ચિમમાં થયુ છે. વાવનું પ્રવેશદ્વાર પૂર્વ તરફ અને કુંડ પશ્ચિમે આવેલો છે. મૂળમાં આ વાવ સાત મજલાની હતી. પરંતુ હાલમાં આ વાવના પ્રવેશ, બંને બાજુની દિવાલો, પગથિયાં, થોડાં મંડપ, કુવાની પાછલી દીવાલ અને પાંચ મજલા જળવાયાં છે. દીવાલમાં સાત થડથાર છે. નીચેની ઉપર જોતાં છ મજલા સુધી દિવાલમાં શિલ્પો જળવાયાં છે. પ્રથમજ મજલો તૂટી પડ્યો છે. આ વાવ ૬૫ મીટર લાંબી અને ૨૦ મીટર પહોળી અને ૮૧ ફૂટ ઊંડી છે.૪ આમ, આ રીતનું આ સૌથી મોટું બાંધકામ છે. ૮૦૦ કરતાં પણ વધારે શિલ્પીકારોએ ભેગા મળીને આ સાત મજલાવાળી ઊંડી વાવ શણગારી છે.

➢ **<u>વાવનું નામાભિધાન :</u>**

- જન સમાજમાં આ વાવ ''રાણકી વાવ'' ના નામથી જાણીતી છે. સિદ્ધરાજે જૂનાગઢ પર ચડાઇ કરી રાખેંગારને હરાવી તેની રાણી રાણકદેવીનો કબજો કર્યો. જૂનાગઢથી પાટણ પાછા આવતા રાણકદેવી વઢવાણમાં ભોગાવા નદી કિનારે સતી થઇ. માટે કેટલાંક લોકો રાણકીવાવને રાણકદેવીના નામ સાથે જોડે છે. પરંતુ આ રાણકદેવીને અને આપણી ''રાણકીવાવ'' ને કોઇ સબંધ નથી. તેવું સ્પષ્ટ થાય છે. ''રાણીનું વાવનું'' લાડકું નામ ''રાણકીવાવ'' હોઇ શકે. પાટણના નગરજનો એને ''રાણી ઉદયતિની વાવ'' કહેવાને તેને ''રાણકીવાવ'' કહેવાનું જ વધારે પસંદ કરશે.
- **રાણકીવાવનું દર્શન :**

રાણકીવાવમાં સેંકડો સ્થાપત્યો છે. હજારોની સંખ્યામાં ઉત્કૃષ્ટ કોતરકામના નમૂના છે. આખા પટના પટ કોતરેલા છે. બારશાખની પથ્થરની આડી પાટો પણ કોતરણીથી ભરપૂર છે. ટેકા માટેના કીચકો પણ કલા મક રીતે કંડારાયેલા છે. એક થાંભલાની ટોચનો કીચડ ઉલ્ટો કોતરી જોવા જેવો બનાવ્યો છે. જુદી-જુદી ડિઝાઇનો જેવી જાળીઓ કોતરવામાં આવી છે. આ ઉપરાંત છાપકામ કરતી કાપડની મીલોને ઉપયોગી થાય એવી થોકબંધ ડિઝાઇનો પથ્થર પર કોતરવામાં આવી છે." આ વાવમાં પથ્થરોમાં કંડરાયેલી કવિતાઓ છે. સુંદર અને રમણીય ભાવાવેશમાં અભિવ્યક્ત થતાં આ જડ પથ્થરો પણ ગરવા ગુજરાતીઓની સૌંદર્ય ઝંખના અને મનુષ્યની કલામાત્રના પ્રતિકો છે. આ વાવના શિલ્પોમાં ચૈતન્યનો ધબકાર છે. સુડોળ અંગો અને તે અંગલયથી સર્જાતા કમનીય અંગવળાંકો એ સુંદરતાને વધુ સુરેખ કરી આપે છે. પથ્થરોમાં પણ કોમળતાને પ્રસ્થાપિત કરનારા એ સમયની ગુજરાતની કલા, કૌશલ્યપૂર્ણ અને જીવનશૈલીનું અહીં ઉજ્જવળ પ્રતિબિંબ પડે છે. અહીંના નારી શિલ્પો લાવણ્ય, લજ્જાભર્યા, અંગમરોડ અને અનુપમ દેહલાલિત્યથી શોભી રહ્યા છે.

આ વાવની વિપુલ શિલ્પ સમૃદ્ધિમાં શૈવ, વૈષ્ણવ, શક્તિ સંપ્રદાયને લગતા અનેક શિલ્પો જોવા મળે છે. શૈવ સંપ્રદાયના શિલ્પોમાં શિવ, તેના યુગલ સ્વરૂપ, ઇશાન, સ્વરૂપ ગણેશ અને પરિવાર દેવતાઓના શિલ્પો છે.

વૈષ્ણવ સંપ્રદાયને લગતા વાવના પડથારમાં સળંગ પેનલમાં વિષ્ણુના ચોવીસ સ્વરૂપની પ્રતિમાઓ છે.

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

જૂના પાટણમાં રાણીવાવની દીવાલોના શિલ્પ વૈભવમાં લગભગ બધા હિંદુ-દેવદેવીઓ સ્થાન પામ્યા હોવાથી તત્કાલીન હિંદુ – મૂર્તિવિધાનના લગભગ બધા નમૂના એમાંથી ઉપલબ્ધ થાય છે.

- **રાણીકીવાવનું વર્ણન પ્રાચીન સાહિત્યમાં કેમ નથી ? :**

આપણી રાણકીવાવમાં કૂવામાં માળે માળે શેષનાયી ભગવાનની મૂર્તિઓ સ્થાપિત કરેલી છે. એમાં ભગવાન વિષ્ણુના દશાવતાર છે. જેમાં શંકર, ભૈરવ, મહિષાસુર મર્દિની, શિવ-પાર્વતી વગેરેની મૂર્તિઓ જોવા મળે છે. નિષ્ણાંતોના મતે રાણકીવાવ બંધાયા પછી બે ત્રણ દાયકામાં જ નાશ પામી હશે. "નરસમુદ્ર" ની ઉપમા પ્રમાણે જો આ વાવ લોકો જોવા આવતા હોત તો તેના પગથિયાં પણ ઘસાઇ ગયા હોય, જ્યારે વાવના પગથિયાં જોતાં એમ લાગે છે કે તેમાં ખાસ ઘસારો પડ્યો હોય એમ જણાતું નથી. પગથિયાંની ધારો એવીને એવી કાટખૂણા બંધ છે. પુરાતત્વ શ્રી વિદ્વાનના મતે "રાણકીવાવ" નો ઉપયોગ એ બંધાયા પછી એક અથવા બે દાયકા જેટલો જ રહ્યો ત્યારબાદ બંધાયા પછી માત્ર વીસ વર્ષના ગાળામાં તે નષ્ટ થઇ ગઇ. તેનો નાશ થવાનું વ્યાજબી કારણ સરસ્વતી નદીનાં ધુઘવતાં પૂર જ હોવાનું મનાય છે.

- **રાણકીવાવ નામશેષ સંભવિત બીજુ કારણ :**

ઇજનેરોનો એવો મત છે કે, વાવનું બાંધકામ ઉપરથી શરૂ કરીને નીચે ગયેલા છે. તેનું બાંધકામ બાંધતા પથ્થરો ગોઠવતાં ગોઠવતાં નીચે કરતા ગયા છે. ઉપરનું બાંધકામ પ્રથમ થયું જ્યારે પાયાનું બાંધકામ છેલ્લે થયેલ છે. આવડી મોટી ભવ્ય ઇમારતનું બાંધકામ ઉપરથી પહોળુ અને નીચેથી સાંકડું એ ઇજનેરી બાંધકામની વિશિષ્ટતા ગણાય. સામાન્ય રીતે મોટી ઇમારતોનો નીચેનો પાયો પહેલો પૂરાય. પાયો પહેલો ચણાય અને જેટલી ઇમારા ઉંચી હોય એટલો એનો પાયો પ્રમાણમાં પહોળો અને જમીનની અંદર પણ ચણતર હોય જ જ્યારે, આ રાણકીવાવના સ્થાપત્યનું બાંધકામ સામાન્ય સમજ કરતાં ઉલટી રીતે થયેલું ગણાય છે.

આમ, આખીયે ઇમારત ઉપરથી પહોળી અને નીચેથી સાંકડી છે એનું બાંધકામ પણ ઉલટું શરૂ કરીને નીચે પૂર્ણ કરવામાં આવ્યું. હોય એમ જણાય છે.

- **રાણકીવાવનો પ્રકાર :** ગુજરાતમાં અનેક જગ્યાએ કુંડો તથા વાવોના બાંધકામ થયેલા છે. કુંડને કેટલાંક પ્રદેશોમાં "વાવ" કહેવામાં આવે છે. જ્યારે આપણે જેને વાવ કહીએ છીએ તેને "વાપી" તરીકે ઓળખવામાં આવે છે.

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

સામાન્ય રીતે વાસ્તુશિલ્પમા (૧) નંદા (૨) ભદ્રા (૩) જયા અને (૪) વિજ્યા એમ ચાર પ્રકારની વાવો ગણાવી છે. તેને નીચે પ્રમાણે ઓળખવી શકાય છે.

(૧) એક પ્રવેશ માર્ગ અને ત્રણ માળ વાળી ''નંદા'' વાવ કહેવાય.

(૨) જો તેમાં બે તરફથી જવાના બે માર્ગ હોય અને છ માળ હોય તો તેવી વાવ ''ભદ્રા'' કહેવાય.

(૩) વાવમાં ઉતરવાના ત્રણ વિવિધ માર્ગ હોય અને નવ માળ હોય તો ''જયા'' પ્રકારની ગણાય જ્યારે

(૪) વાવમાં ઉતરવાના ચાર પ્રવેશ માર્ગો હોય એટલે કે ચારે તરફથી અંદર ઉતરી શકાતું હોય તો અને વચ્ચે કૂવો આવેલો હોય તો તે ' 'વિજયા'' પ્રકારની વાવ ગણાય છે.

જ્યારે રાણકીવાવ ત્રણ મુખ એટલે કે ત્રણ પ્રવેશ માર્ગવાળી હોવાથી તે જયાં પ્રકારની વાવ હશે તથા ઉપરથી નીથ ઉતરવાની નાની મોટી સીડીઓ બંને બાજુ છે. એટલે એ ''વિજ્યા'' પ્રકારની પણ હોઇ શકે.

➢ **<u>રાણકીવાવમાં દશાવતાર :</u>**

ભગવાન વિષ્ણુના દશ અવતારો નીચે મુજબ છે. (૧) મત્સ્ય (૨) કૂર્મ (૩) વરાહ (૪) નૃસિંહ (૫) વામન (૬) પરશુરામ (૭) શ્રીરામ (૮) બુદ્ધ (૯) શ્રીકૃષ્ણ (૧૦) કલ્કિ. આ શાવતારમાં મત્સ્ય અને કૂર્મની મૂર્તિઓ નથી. જ્યારે ભગવાન કૃષ્ણના બદલામાં હળધારી બાળ રામજીને સ્થાપિત કરેલા છે.

➢ **<u>વરાહ :</u>**

આ વાવની દક્ષિણ દીવાલના ગવાક્ષમાં વરાહની સપરિકર સુંદર પ્રતિમાં આવેલી છે. વરાહે પ્રત્યાલિઢાસનમાં ડાબો પગ પદ્મપીઠ ઉપર મૂકેલ છે. નીચેના ભાગે અંજલિમુદ્રામાં નાગયુગલ જોઇ શકાય છે. તે મૂર્તિનું મુખ્ય વરાહનું છે. મસ્તકે મુકુટ અને કંઠમાં પાંદડીયુક્ત હાર તેમજ હસ્તવલય, બાજુબંદ, વનમાલા અને અધોવસ્ત્રને બાંધતી ઘૂઘરીયુક્ત કટિમેખલા આર્કષક છે. વરાહના ચાર હાથો પૈકી જમણો નીચલો કટયવલંબિત, જમણા ઉપલામાં ગદા, ડાબા ઉપલા હાથમાં શંખ અને કોણીના ભાગ ઉપર પૃથ્વી દેવી બેઠેલ છે, જેનો ડાબો હાથ વરાહમુખને સ્પર્શતો બતાવ્યો છે તેમના ડાબા નીચલા હાથમાં ચક્ર છે.

➢ **<u>નૃસિંહ :</u>**

આ જંઘાના ભદ્ર ગવાક્ષમાં લલિતાસનસ્થ અષ્ટભુજ નૃસિંહનું શિલ્પ આવેલું છે. આ શિલ્પની લગભગ બધી ભુજાઓ ખંડિત થયેલી છે. સામાન્યઃ નૃસિંહ વિષ્ણુનું સ્વરૂપ છે. નૃસિંહની બંને બાજુએ પ્રતિરથના હાથો નિર્ગમપર આકર્ષક નર્તિકાઓના શિલ્પો છે. તેની બાજુમાં મૂલ રેખાના બન્ને વિભાગમાં અનુક્રમે યમ અને બ્રહ્માની મૂર્તિઓ આવેલી છે. તેમના ઉપલા બે હાથમાં દંડ અને કુકુટ આવેલા છે. જ્યારે નીચલા બે હાથમાં લેખક અને પોથી આવેલા છે. તેમના નીચલા બે હાથમાં વ્રુવ અને વ્રુક છે જ્યારે તેની જમણી બાજુએ તેનું વાહન હંસ બેઠેલુ દર્શાવેલ છે.

**વામન :**

વામનની આ મૂર્તિને કેટલાંક લોકો કુબેરની મૂર્તિ હોવાનું જણાવે છે. વામન ભગવાનના હાથમાં છત્રી છે. પણ પેટ ભારેખમ ફોઠવાળું છે. વામન ભગવાનના એક હાથમાં માળા અને બીજા હાથમાં છત્રી છે. જમાનામાં આજથી નવસો વર્ષ પહેલાં પણ છત્રી હશે એમ સાબિત થાય છે. તેમના કાનમાં મોટાં કુડળો, વાળ વાંકડિયા અને પગ બાંધેલાં છે. કમર પર બ્રહ્મચારી પહેલવાનને શોભે એવો કચ્છ, ખભા ઉપર યજ્ઞોપવિત અને ગળામાં સાવ સાદી માળા તથા હાથના કાંડામાં કંકણ છે.

**પરશુરામ :**

આ પ્રતિમામાં પરશુરામને ત્રિભંગમાં ઊભેલા બતાવ્યા છે. મસ્તક પર કિરીટમુકુટ, કાનમાં મતસ્ય કુંડળ-કંઠમાં હાર, બાજુબંધ, વનમાલા, પાદવલય અને પાદજાલક ધારણ કરેલ છે. તેમના ચાર હાથ પૈકી જમણા નીચલામાં ખડ્ગ, ડાબા ઉપલા હાથમાં ખેટક અને નીચલા હાથમાં ધનુષ ધારણ કરેલ છે. પગ પાસે બંને બાજુ પરિચારક યુગલ ઊભેલ છે. પરિકરમાં વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ બુદ્ધ અને કલ્કિના સુંદર શિલ્પો છે.

➢ **બલરામ :**

આ પ્રતિમામાં બલરામ ત્રિભંગમાં ઊભેલ છે. બલરામના મસ્તકે કીરીટ-મુકુટ અને એના પર ત્રણ ફણ નાગનો છત્રવટો છે. કાનમાં કુંડલ, કંઠમાં હાર, બાજુબંધ, વનમાલા, પાદવલય ધારણ કરેલા છે બલરામના ચાર ભુજમાં અનુક્રમે હળ પદ્મકળી, દંડ અને બીજપૂર્વક છે. પગ પાસે બંને બાજુ બબ્બે અનુચર ઊભેલા છે જેમાં ડાબી બાજુના એક અનુચરે હાથમાં ધારણ કરેલ છે.

➢ **રામ :**

સપરિકર પ્રતિમામાં રામ ત્રિભંગમાં ઊભેલા છે. મસ્તકે કિરીટ- મુકટ, કાનમાં શંખાકાર કુંડલ-કંઠમાં હાર અને પ્રલંબકાર, કુટિમેખલા ઉતરીય તથા વનમાલા અને એ પાદવલય ધારણ કરેલ છે. ચારેબાજુમાં અનુક્રમે પરશું, બાણ, ધનુષ અને માતુલિંગ જોઇ શકાય છે. પગ પાસે બંને બાજુ એક-એક અનુસર યુગલ ઊભેલ છે. જેમાં જમણી બાજુના અનુચરના હાથમાં પરશુ છે. પરિપકરમાં બલરામ, બુદ્ધ અને કલ્કિ છે.

➢ **બુદ્ધ :**

ત્રિભંગમાં ઊભેલ બુદ્ધ પ્રતિમાના મસ્તકે વાંકડિયા વાળ તથા સ્કંધ સુધી લટકતી કાનની બૂટ અને મુખ પરના સૌમ્ય ભાવ આકર્ષક છે કંઠમાં એકાવલિ, ડાબા ખભા પરથી નીચે તરફ જતી પદ્મવનમાલો, ઉતરીય વસ્તા સિવાય કોઇ પ્રકારના અલંકારો જોવા મળતા નથી. ચાર હાથ પૈકી જમણો નીચલો વરદાક્ષમાં, ઉપલામાં મોટા મણકાની માળા, ડાબા ઉપલામાં પદ્મકળી અને નીચલા હાથથી વસ્ત્રનો છેડો પકડેલ છે. કેડની બંને બાજુ સ્ત્રી-પુરુષની આકૃતિ અંજલિ મુદ્રામાં બેઠેલ છે. પરિકરમાં જમણી બાજુ ચાર આકૃતિઓ એકસરખા સ્વરૂપની છે. જ્યારે ડાબી બાજુ નીચેથી નૃસિંહ, બલરામ, પરશુરામ અને કલ્કિના શિલ્પો કંડારેલા છે.

➢ **કલ્કિ :** ભગવદ્ગીતામાં આપેલ વચન “વિનાશાય ચ દુષ્કૃતમ” દુષ્ટોનો નાશ માટે કલ્કિ અવતાર થશે ત્યારે પૃથ્વી પરના દુષ્ટોને કઇ રીતે નાબુદ કરશે એ બતાવવા સુંદર કલ્કિના બે સ્થાપત્યો છે. કલ્કિ ભગવાનને બે હાથ છે અને તેઓ ઘોડા પર બિરાજમાન છે. તેમના એક હાથમાં ખડગ છે. જ્યારે બીજા હાથમાં પાત્ર છે અને તે પાત્રમાં કોઇ મહારાણી કુંભમાંથી પાણી રેડી રહ્યા છે વગેરે નોંધપાત્ર છે.

➢ **અનેક દેવ-દેવીઓની દર્શનીય પ્રતિમાઓ :**

આ વાવના ખંડે-ખંડે કૂવાના એક-એક માળે ભગવાન વિષ્ણુના શેષાયી સ્વરૂપની પ્રતિમાઓ છે. જેમાં જમણી સૂંઢના ઉભા ગણપતિ, લક્ષ્મી નારાયણના અનેક સ્વરૂપો ભગવાન ધન્વંતરી, મહિષાસુરી મર્દિની, ભૈરવ, હનુમાન, તપ કરતાં ઉમાદેવી, બ્રહ્મા બ્રહ્માણી, વૈષ્ણોદેવી, સ્તનવાળા વિષ્ણુ ભગવાન, મહાકાળી, કુબેર, રામાયણ મનમોહક અપ્સરાઓ, સૌંદર્ય નિખારની સુંદરીઓ, યોગીનીઓ, મોર- પોપટ જેવા અનેક પક્ષીઓ, પંચતંત્રની વાર્તાના દશ્યો, વસ્ત્ર વગરની તદ્ન નગ્ન કન્યાઓ, વિવિધ અલંકારો પહેરેલ સ્ત્રીઓ વગેરે મૂર્તિઓ દર્શનીય છે.

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

- **મનમોહક અપ્સરાઓ, નાગકન્યાઓ અને યોગીનીઓ :**

આ વાવમાં નાગથી વિંટાયેલ, પગ પર ચડતા નાગ-વિંછીવાળી કન્યા ખૂબ જ નમણી લાગે છે. આ કન્યાઓ તદ્ન નગ્ન અવસ્થામાં છે. કન્યાઓના હાથમાં વાટકા છે, વાટકામાં માછલી છે અને સર્પની ફેણ માલી સુધી લંબાયેલી જોવા મળે છે. તેમાં એક શંકરી ૫૫ ચો કરી પગે ઝાંઝર બાંધી રહી છે જ્યારે બીજી સુંદરી કેશગુંથન કરતી, ત્રીજી દર્પણમાં મુખ જોતી વળી એક જ સેરનો હાર, કાડાંમાં તથા બાહુમાં તથા પગે ઝાંઝર જેવા જુજ દાગીનાવાળી છે. આ સ્થાપત્ય અદ્ભૂત છે.

કેટલીક અપ્સરાઓ પોતાના એક હાથને ઉંચો કરી માથા પાછળ લઇ તે હાથના પંજાથી બીજા હાથના આંગળાં પકડી અંગમરોડ આપી પગની ઓટી મારી ગોપનીય ભાગને છુપાવ્યો છે તે મૂર્તિઓ ખરેખર જોવા જેવી છે. એક સુંદરી પોતાના બંને હાથે જમણા કાનમાં વજનદાર છેલ્લો દાગીનો પહેરી રહી છે. આ સુંદરીનું આખુ શરીર દાગીનાઓથી ભરચક લદાયેલું છે. વાળમાં મોતી પરોવેલા, અંબોડો પણ શણગારેલ, કાંડામાં, પગમા, કટીપ્રદેશ અને આખોય ઉરપ્રદેશ દાગીનાઓથી લદાયેલ જણાય છે. કૃષ્ણની માફક પગની આંટી મારી બંસરી વગાડતી અપ્સરા અત્યંત દર્શનીય છે.

- **યોગીનીઓની મૂર્તિઓ :**

દેવદેવીઓની યોનીમાં યોગિનીઓનું એક વિશિષ્ઠ સ્થાન છે. યોગિનીઓની આરાધના કરનાર તાંત્રિકોનો એક વર્ગ છે. રાણકીવાવના પથ્થરોમાં કંડારેલ યોગિનીઓ દર્શનીય છે. યોગિનીઓના ઉરપ્રદેશ મોટેભાગે ખુલ્લા છે. રૂપસુંદરીઓ, નાગકન્યાઓ તથા અપ્સરાઓ જેટલી જ તે સૌંદર્યવાન છે. તેમના હાથમાં રહેલાં અસ્ત્ર-શસ્ત્રો બિહામણા લાગે છે.

- તાંડવ નૃત્ય કરતી એક યોગિનીના જમણા હાથમાં ખોપરીવાળો દંડ છે. તેનો બીજો હાથ ખંડિત છે તેની બાજુમાં ઉભેલો પુરૂષ ડમરૂ જેવું વાજીત્રં વગાડે છે તેના વાળ પણ છૂટા છે.
- વાળનો મુગુટ બનાવેલ એક યોગિનીના જમણા હાથમાં ડમરૂ છે. જ્યારે ડાબા ખભે ખટવાંગ ગોઠવેલ છે. માનવીઓની ખોપરીઓનો લાંબો હાર તેની છાતી પર નથી પણ તેના ધુંટણથી પણ નીચે લંબાવેલ છે. ડાબા હાથમાં કટોરો તથા ગળામાં, કમ્મરે, કાનમાં અને હાથે પગે દાગીના પહેરેલા જણાય છે.

- ગળામાં માત્ર એક જ હાર, તદ્દન નગ્ન પણ હલમસ્ત મદોમસ્ત યોગિનીના ડાબા હાથમાં ચીપિયા જેવું શસ્ત્ર છે. જેમણે હાથ ઉંચો કરી આખું યૌવન બહાર કાઢ્યું છે.
- પોતાના વાળની જટા બાંધી એક હાથમાં માનવ ખોપરીવાળો દંડ ધારણ કરેલ ડાબો પગ ઉંચો કરી નૃત્ય કરતી જમણા પગમાં બે પટીવાળી સ્લીપર પહેરેલી યોગિની છે. બાજુમાં ઉભેલ એક પુરૂષ નાનકું ઢોલ વગાડતો તેના નૃત્યને તાલ આપી રહ્યો છે. આમ, આવી અનેક યોગિનીઓ ઉતેજના પમાડે એવી છે.

➢ **બેનમૂન મૂર્તિઓ :**

આમ, તો લગભગ બધી જ મૂર્તિઓ સુંદર છે. પણ તેમાંય નીચે જણાવેલ મૂર્તિઓનું બારીક કોતરકામ ખૂબ જ સુંદર છે.

➢ **મહિષાસુર મર્દિની :**

રાણીવાવના પૂર્વ તરફના પડથારના એક ગવાક્ષમાં સપરિકર મહિષાસુરમીર્દનીની દ્વાદ્રશભૂજ (૨૦ હાથ) મનોહર પ્રતિમાં આવેલી છે. ગુજરાતમાંથી પ્રાપ્ત થતી બધી જ પ્રતિમાઓમાં આ પ્રતિમા અગત્યની છે. અહીં દેવી મહિષની પીઠ પર જમણો પગ મુકીને આલીદ્રાસનમાં ઊભેલ છે. દેવીના મસ્તકે ત્રિકૂટ મુકુટ, ત્રણ મંત્રો, કાનમાં સૂર્યવૃત કુંડલ, કંઠપાગ્રીવા, પાંદડીયુકત હાર, પ્રલંબહાર, નિબંધ બાંધેલ છે. દેવીએ કેયૂર અને હાથમાં ચૂડલાઘાટના વલય, પોંચી, કટિમેખલા, ઉરુદામ, પાદજાલક, વનમાલા વગેરે ધારણ કરેલ છે. દેવીના ૨૦ હાથ પૈકી પરિક્રમા ક્રમે જમણા હાથમાં ત્રિશૂલ, વજ્જ, બાણ, ગદા, અંકુશ, સનાળ, ફૂલ, અભયમુદ્રા, ડમરું અને ખડ્ગ છે. ડાબા હાથમાં ઢાલ, કપાસ, સર્પ, વિષાણ ઘંટા, કર્તરિમુદ્રા, પાશ, ધનુષ, અસુરના વાળ અને ત્રિશૂલ ધારણ કરેલ છે. દેવીએ પીઠના ભાગ પર બાણ સહિતનું ભાથું બાંધેલ છે. નીચે આગલા પગે ઝૂકેલા મહિષની છેદાયેલી છે. અસુરના હાથમાં ખડ્ગ છે. દેવીનું ત્રિશૂલ અને પીઠમાં ભૌકાયેલું છે. પશુ મહિષના પેટના ભાગમાં ચક્ર ખૂપેલું દેખાય છે. દેવીનું વાહન સિંહ છે જે મહિષની પીઠને કરડતો બતાવ્યો છે.

➢ **સ્વાત્કર્ષણ ભૈરવ :**

હાથમાં અસ્ત્રો, શસ્ત્રો, ડમરૂ માનવીની ખોપરી, પગપાસે કુતરાવાળી ભૈરવની આ પ્રતિમાં ખૂબ સુંદર છે. આ ઉપરાંત, વાવના કૂવામાં દેરક ખંડે ભગવાન શેષનાયીની પ્રતિમાઓ પણ સુંદર લાગે છે.

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

➢ **રાણી ઉદયમતિની બેનમૂન આરસી પ્રતિમા :**

કૂવાના કાંઠે બહારના મેદાનમાં અનેક મૂર્તિઓ વચ્ચે એક નાનકડી આરસની મૂર્તિ મળી આવી હતી. આ મૂર્તિ રાણી ઉદયમતિની જ હશે કે કેમ એ વિશે શંકા થતાં એ મૂર્તિ પાસે પડેલા ફૂલો દૂર કર્યા તો મૂર્તિ નીચે જ સુંદર અક્ષરોમાં "મહારાણી શ્રી ઉદયમતિ" નું નામ કોતરેલું જણાતું હતું. આ મૂર્તિ પચ્ચીસ આંગળ ઊંચાઇ અને સોળ આંગળ પહોળાઇ વાળી હતી. આ મહારાણી રાજ્યાશન પર બિરાજમાન છે. સિંહાસન ઉપર જમણો પગ વાળેલો અને ડાબો પગ લાંબો ધરતીને અડેલો જણાય છે. માથે મુગટ નથી પરંતુ વાળ દાબીને ઓળેલા અને આગળ કપાળ ઉપરથી કટીંગ કરેલા હોય એવું કોતરકામ છે. માથામાં સેંથો પૂરેલો દેખાતો નથી. બંને કાનોની બુટોમાં જાડા ભારે વજનની રીંગો પહેરેલી છે તથા કાનમાં ઉપલા ભાગમાં ઝઋણા નકશી વાળ દાગીના પહેરેલા છે. મહારાણીના ગળામાં કોલર જેવી ચાર માળાઓ અને બે-ત્રણ લાંબી માળાઓ પહેરેલી, બંને હાથે બાજુબંધ બાંધેલા છે અને બંને હાથમાં કંકણો પહેરેલો છે. જમણા હાથમાં કડુ પહેરેલ છે. અને કાંબી પણ દેખાય છે. ડાબો પગ ખંડિત છે અને નાક પણ સહેજ ખંડીત થયેલ જણાય છે. મહારાણી ઉદયમતિ સિંહાસન ઉપર જ બીરાજમાન હોઇ, રાજ્ય દરબારને શોભે એ રીતે એક બાજુ એક સ્ત્રી ઉદયમતિના શીર ઉપર છત્રી ધરીને ઊભેલી છે. રાણીના મસ્તક ઉપર ખુલ્લી છત્રીનું દ્રશ્ય મૂર્તિને ભવ્ય બનાવે છે. બીજી બાજુ એક સ્ત્રી રાણીની પ્રશસ્તિ ગાતી હોય એવા એના હોઇ જણાય છે. મૂર્તિના છેક નીચેના ભાગે બે સુંદરીઓ કોઇ વિશિષ્ટ પ્રકારનું વાજીંત્ર પોતાના મુખ વડે વગાડતી હોય તેમ પોતાના હો"ને વાજીંત્ર અડકે છે. મહારાણીના વાળેલા ડાબા પગ નીચે કોઇ સ્ત્રી વંદના કરતી હોય તેમ જણાય આવે છે. આ ઉપરાંત એક નાનકડાં સફેદ આરસમાં વચમાં મહારાણીની મૂર્તિ તેની આજુબાજુ બે ઊભેલી સ્ત્રીઓ અને નીચેના ભાગમાં ત્રણ સ્ત્રી એમ કુલ છ મૂર્તિઓ કંડારેલી જણાઇ આવે છે. આણી ઉદયમતિની આ સુંદર પ્રતિમાં મળી આવવાથી એક નવું જ આકર્ષણ ઉભું થાય છે. આ પ્રતિમાં પાટણથી વડોદરા લઇ જવાઇ હોય એવું જાણવા મળેલ છે.જ રાણકીવાવની સૃષ્ટિ અદ્વિતીય છે. વાવ જોઇને લોકો તેના પ્રેમમાં પડી જાય એવું જીવંત કોતરકામ તેમાં પડેલું છે. આ બેનમૂન મૂર્તિઓનું કોતરકામ ભારતમાં જ નહિ, પરંતુ દુનિયાના નકશામાં પણ જાણીતું બન્યું છે. દર વર્ષે અહીં સેંકડો પરદેશીઓ રાણકીવાવની મુલાકાતે આવે છે. આથી વાવ પવિત્ર છે તે શિક્ષણની કેડીઓ કંડારતી હોય એવી લાગે છે. એક જ જગ્યાએ આટલા મર્યાદિત પ્રદેશમાં અઢળક સૌંદર્ય

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

અહીં જ ઢાલવવામાં આવ્યું. છે. કુદરત જેમ માણસને રૂપ બક્ષે છે. તેમ શિલ્પીઓએ પણ નીર્જીવ પથ્થરને સવાયુ રૂપ બક્ષીને આ વાવ ને કલાત્મક બનાવી છે.

સંદર્ભ ગ્રંથો:

૧. સાવલિયા રામજી ઠાકરશી," ગુજરાતના પ્રાચીન સરોવરો તળાવો અને કુંડો", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, આવૃત્તિ_૨૦૦૦

૨. સ્વામી મનસુખ ", પાટણ દર્શન ", આશા પ્રકાશન, રાજકોટ, આવૃત્તિ_૧૯૮૫

૩. બ્રહ્મક્ષત્રિય મુકુંદભાઈ. પી. "પદ્ય માં પાટણ અને કવિતામાં પાટણ દર્શન, "સત્યમ પ્રિન્ટર્સ ત્રણ દરવાજા, ઘી કાંટા, પાટણ, આવૃતિ_૨૦૦૩

૪. બ્રહ્મશક્તિય મુકુંદભાઈ. પી. "પાટણના બે કિર્તી મંદિરો," સત્યમ પ્રિન્ટર્સ ત્રણ દરવાજા પાટણ, આવૃતિ_૧૯૯૬

૫. દવે કનૈયાલાલ ભાઈલાલ ," પાટણ " પાટણ નગરપાલિકા પાટણ, આવૃતિ_૧૯૭૬

૬. આચાર્ય નવી ચંદ્ર.. અ. ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, અમદાવાદ આવૃતિ_૧૯૭૩